# દ્વિતીય લેખિત કસોટી- એપ્રિલ-૨૦૧૬

તારીખ : ૧૨/૦૪/૨૦૧૬ ધોરણ-૮ સમય : ૮:૦૦ થી ૧૧:૦૦

વાર : મંગળવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

**વિદ્યાર્થીનું નામ :** ______________________ બેઠક નંબર : ______

**સૂચનાઓ :** (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-૧ (અ) નીચે આપેલ પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (10)

(૧) આખલાને શેનું ગુમાન હતું ?

(અ) બળનું (બ) શૂરવીરતાનું (ક) લડાયકવૃત્તિનું

(૨) ભાસ્કરરાય એમની પેટીમાં શું લાવ્યા હતા ?

(અ) મીઠાઈ (બ) રમકડાં (ક) પુસ્તકો

(૩) હાઈકુ કયા દેશનો સાહિત્ય પ્રકાર છે ?

(અ) ઈટાલી (બ) જાપાન (ક) ભારત

(૪) શ્રી કૃષ્ણને સુદામાના આગમનના સમાચાર કોણે આપ્યા ?

(અ) રુકમણિએ (બ) સત્યભામાએ (ક) દાસીએ

(૫) સૉનેટ કેટલી પંક્તિનું બનેલું હોય છે ?

(અ) 14 (બ) 16 (ક) 12

(૬) વસંતઋતુ શેની આગોતરી વધામણી આપે છે ?

(અ) લગનગાળાના (બ) પરીક્ષાની (ક) હોળી-ધુળેટીની

(૭) શ્રીમંતાઈ માણસના સ્વભાવને કેવો બનાવી દે છે ?

(અ) અક્કડ (બ) કઠોર (ક) ઉદાર

(૮) વલ્લભભાઈનું મૂળ વતન કયું હતું ?

(અ) પેટલાદ (બ) નડિયાદ (ક) કરમસદ

(૯) કવિ આવનારી કાલને શું આપવા માગે છે ?

(અ) સોગાત (બ) શિક્ષણ (ક) ધનદોલત

(૧૦) અંજન કોલસામાંથી શું શોધતો હતો ?

(અ) કાળો રંગ (બ) મીઠું (ક) સાકર

Scanned by CamScanner

**(બ) નીચે આપેલ વાક્યોમાંથી દ્વિરુક્ત અને રવાનુકારી શબ્દપ્રયોગ ઓળખી બતાવો. (ગમે તે ચાર) (4)**

(૧) અર્જુન કડકડાટ અંગ્રેજી બોલે છે.

(૨) દિયા જોતજોતામાં મોટી થઈ ગઈ.

(૩) મીઠાઈ હોય ત્યાં માખીઓનો બણબણાટ હોય જ.

(૪) નક્ષ તોડફોડનો કારીગર છે.

(૫) વર્ગમાં ગણગણાટ શરૂ થયો.

**(ક) નીચે દર્શાવેલ શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે બે) (2)**

(૧) ગુમાન (૨) કામઠું (૩) ક્ષુલ્લક

**પ્રશ્ન-૨ (અ) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ આપો. (ગમે તે ત્રણ) (9)**

(૧) ગામમાં શી આફત આવી પડી ?

(૨) નવા વર્ષે લેખક કયા કયા સંકલ્પ કરે છે ?

(૩) અંજન કિન્નરી પર શા માટે ખિજાયો ?

(૪) કવિ શેને રળિયાત કરવાનું કહે છે ?

**(બ) નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડો : (4)**

| 'અ' | 'બ' |
|---|---|
| (૧) સાકરનો શોધનારો | (ક) કુન્દનિકા કાપડિયા |
| (૨) સંસ્કારની શ્રીમંતાઈ | (ખ) ગઝલ |
| (૩) સાંઢ નાથ્યો | (ગ) એકાંકી |
| (૪) શરૂઆત કરીએ | (ઘ) ઈશ્વર પેટલીકર |

**(ક) નીચે આપેલ શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો. (ગમે તે ત્રણ) (3)**

(૧) નિરર્થક (૨) શ્રીમંત

(૩) હર્ષ (૪) સંયુક્ત

**પ્રશ્ન-૩ (અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો. (ગમે તે ચાર) (8)**

(૧) તાર માસ્તરને કઈ બાબતની મૂંઝવણ હતી ?

(૨) ઉંબરાને કેવો કહ્યો છે ? શા માટે ?

(૩) બહેન ભાઈને અભિનંદન કેમ આપે છે ?

Scanned by CamScanner

(૪) કવિએ કમાડે શું શું ચીતર્યું છે ? શા માટે ?

(૫) ચંદાએ ગામના લોકોને પૂંછડા વગરના ઉંદર કેમ કહ્યા ?

**(બ) નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.** (4)

સૂર્ય, ભેંસ, બેલગાડી, કેળું, અમલદાર, વટેમાર્ગુ

**(ક) નીચે આપેલ વાક્યોમાંથી સાદાં, સંયુક્ત અને સંકુલ વાકયો અલગ તારવી લખો. (ગમે તે બે)** (4)

(૧) હજારીગલ તો બોલકાં છે.

(૨) શાળામાં વિવિધ વૃક્ષો તથા ત્યાં જ પંખીઓનું નિવાસ.

(૩) એને સ્ત્રી ક્ષુલ્લક લાગતી હતી કે એના સૌંદર્યથી અંજાઇ ગયો હતો ?

**પ્રશ્ન-૪ (અ) નીચે આપેલ વિષયો પૈકી કોઇ એક વિષય પર નિબંધ લખો.** (8)

(૧) શિયાળાની સવાર (૨) માતૃભાષાનો મહિમા

(૩) સરદાર વલ્લભભાઇ પટેલ

**(બ) નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે ત્રણ)** (6)

(૧) જીવ પડીકે બંધાવો (૨) ઘેલું લાગવું

(૩) રાતાચોળ થઇ જવું (૪) હામ ભીડવી

**(ક) નીચે આપેલ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (ગમે તે બે)** (2)

(૧) નવી પરણેલી સ્ત્રી

(૨) બગલમાં થતું ગૂમડું

(૩) તાંબાનું તાસક જેવું પાત્ર

**પ્રશ્ન-૫ (અ) નીચે આપેલ મુદ્દા પરથી વાર્તા લખી યોગ્ય શીર્ષક લખો.** (6)

એક લુચ્ચો માણસ – દેવું ચૂકવવાની 'ના' – કોર્ટમાં દાવો – લુચ્ચા માણસે વકીલ રોકવો – વકીલે તેને 'બેં-બેં' બોલવાનું શીખવવું – ન્યાયાધીશ નું એને ગાંડો ગણી નિર્દોષ જાહેર કરવું – વકીલે ફીની માંગણી કરવી – જવાબમાં 'બેં-બેં' બોલવું – બોધ.

**અથવા**

તમારી શાળામાં ઉજવાયેલ બાળમેળાની પ્રવૃત્તિઓની માહિતી આપતો પત્ર તમારા મોટાભાઇને લખો.

Scanned by CamScanner

**(બ) તમારી પસંદગીની કોઈ એક કાવ્યની ચાર પંક્તિઓ લખો.** (4)

**(ક) નીચે આપેલા શબ્દોના સમાસ ઓળખાવો. (ગમે તે ત્રણ)** (3)

(૧) મા બાપ (૨) તર્ક શક્તિ

(૩) સગાં-વહાલાં (૪) મોહાંધ

**(ડ) નીચે આપેલ શબ્દોની સાચી જોડણી લખો. (ગમે તે ત્રણ)** (3)

(૧) કુતુહલ (૨) નીયમીત

(૩) વીપતિ (૪) ગળથુથિ

***Best Of Luck***

Scanned by CamScanner